| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | 08/11/2024 | | |
| રજુ તારીખ | 08/11/2024 | | |
| ફેસલ તારીખ | 29/05/2026 | | |
| સમયગાળો | વર્ષ | મહીનો | દીવસ |
| | ૦૧ | ૦૬ | ૨૧ |

નામદાર સુપ્રિમકોર્ટના **SUO MOTO WRIT (CRL) NO. (S)1/2017** તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર **VI** ના **179 A** – અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩ તા. ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**આંક :–૨૮**

**(૧) ફોર્મ–એ.**

**ઉમરગામના એડી. સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ( એ.કે. ડાભી ) ની કોર્ટમાં.**

જજમેન્ટની તા. ૨૮/૦૫/૨૦૨૬

ફોજદારી કેસ નં. ૧૨૭૦/૨૦૨૫

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબ

ફરીયાદી : દોમનીકભાઈ લક્ષીભાઈ રયાત.
રહેવાસી : પટેલ ફળીયા, તલવાડા, તા. ઉમરગામ, જી. વલસાડ.

ફરીયાદપક્ષે વિ. વ.શ્રી. : એસ.જી. દુબળા.

આરોપી :–
(૧) હસમુખભાઈ ચંદુભાઈ પટેલ.
(૨) દીપીકા હસમુખભાઈ પટેલ.
રહેવાસી :– પટેલ ફળીયા, બ્રાહ્મણ ફળીયું, તલવાડા,તા. ઉમરગામ,જી. વલસાડ.

આરોપી તરફે વિ.વકીલ શ્રી કે.એ. ભોયા.

**(૨) ફોર્મ–બી.**

| | |
|---|---|
| ફરીયાદ કર્યા તારીખ | ૦૮/૧૧/૨૦૨૪ |
| પુરાવો નોંધવાનુ શરુ કર્યા તારીખ | ૦૫/૦૫/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | ૧૩/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૨૮/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ (જો હોય તો) | ૨૮/૦૫/૨૦૨૬ |

| આરોપી નંબર | આરોપીનુ નામ | ધરપકડ તારીખ | જામીન પર છોડયા તારીખ | કયા ગુના હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષિત કે નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | (૧) હસમુખભાઈ ચંદુભાઈ પટેલ. (૨) દીપીકા હસમુખભાઈ પટેલ. રહેવાસી :– પટેલ ફળીયા, બ્રાહમણ ફળીયું, તલવાડા, તા. | – | | નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબ | દોષિત | આખરી હુકમ મુજબ | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઉમરગામ, જી. વલસાડ. | | | | | | |

## (૩) ફોર્મ–સી

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગત.**

**એ. ફરીયાદપક્ષ**

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | દોમનીકભાઈ લક્ષીભાઈ રચાત. | ફરીયાદી | ૨૭ |

**બી. આરોપીપક્ષ**

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ કોર્ટ તરફે રેકર્ડે આવેલ દસ્તાવેજની વિગત**

**એ. ફરીયાદપક્ષ**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ચેક નં. ૦૦૦૦૩૧ | ૧૭ |
| ૨ | રીટર્ન મેમો. | ૧૮ |
| ૩ | ચેક બેંકમાં ભરેલાની પહોંચ. | ૧૯ |
| ૪ | નોટીસ. | ૨૦ |
| ૫ | નોટીસ. | ૨૧ |
| ૬ | રજી.એડી. પૈસા ભરેલાની સ્લીપ. | ૨૨ |
| ૭. | રજી.એડી. પૈસા ભરેલાની સ્લીપ. | ૨૩ |

| | | |
|---|---|---|
| ૮. | પોસ્ટ ખાતાનુ ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ. | ૨૪ |
| ૯. | પોસ્ટ ખાતાનુ ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ. | ૨૫ |
| ૧૦. | કલોજીંગ પુરસીસ. | ૧૬ |

**બી. બચાવપક્ષ**

| ક્રમ | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**–:: જ જ મે ન્ટ ::–**

**–:: કેસ રીફરર્ડ ::–**

(૧) ૨૦૧૬ (૦) સુપ્રિમ (એસ.સી) ૭૩૦
સેમ્પેલી સત્યનારાયણ રાવ વિ. ઈન્ડીયન રીન્યુએબલ એર્નજી ડેવલોપમેન્ટ એજન્સી લી.

(૨) WRIT PETITION (CIVIL) NO.18 OF 2013 Indian Bank Association and others Versus Union of India and others

(૩) Goa Plast (P) Ltd. v. Chico Ursula DSouza (2004) 2 SCC 235,

(૪) Electronics Trade & Technology Development Corporation Ltd., Secunderabad v. Indian Technologists & Engineers (Electronics) (P) Ltd. and Another (1996) 2 SCC 739,

(૫) "Rangappa vs Sri Mohan"
[(2010), 11, Supreme Court Cases 441]

(૬) "Hiten P. Dalal vs. Bratindra Nath Banerjee"

AIR 2001 (SC) 3897

(૭) "Pradeep Aggarwal & Ors vs Y. K. Goel", Cr. M. C. 66/2009 (Hon'bleHigh Court of Delhi),

(૮) "Mosaraf Hossain Khan vs Bhagheeraha Engg. Ltd." AIR 2006 S. C. 128(2006)

(૯) "K.N. Beena Vs. Muniyappan,

AIR 2001 SC 2895,

(૧૦) હીતેશભાઈ પારેખ વિ. ગુજરાત રાજય.

ક્રિમીનલ અપીલ નં. ૧૧૮૯/૨૦૦૯.

(૧૧) શંકરલાલ એમ. પરમાર વિ. દીનેશ બાબુલાલ બોરીચાવાલા.

ક્રિમીનલ રીવીઝન એપ્લીકેશન નં. ૬૫૪/૨૦૦૬.

(૧૨) Sumer Singh vs. Surajbhan Singh & Ors., (2014) 7 SCC 323

(૧૩) ALOK KUMAR S/O RAMNATH V/S NOORI SHEIKH W/O SHEIKH FIROJ 2020 LawSuit(Chh) 173

(૧૪) ટેઢીસિંહ વિ. નારાયણદાસ મહંત, સ્પે. લીવ પીટીશન ( ક્રિમીનલ ) નં. ૧૯૬૩/ ૨૦૧૯.

**–:: <u>જજમેન્ટ</u> ::–**

(૧)... આ કામે ફરીયાદીની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ ફરીયાદીના મિત્ર થાય છે અને પડોશી પણ થાય છે અને આરોપીને આર્થિક ધંધા માટે નાણાં ની જરૂરીયાત હોવાથી ફરીયાદીના મિત્ર થતા હોવાના નાથે હાથ ઉછીના પૈસા આપવાનું કહેલ અને આથી ફરીયાદીએ વિશ્વાસ રાખીને આરોપીઓને રૂા. ૭,૦૦,૦૦૦/– આપેલા

અને આરોપીએ આ પૈસા પરત આપવાનું વચન આપેલ અને તે બાદ ફરીયાદીએ ઘણા દીવસ થયેલા હોય તેઓના પૈસાની પરત માંગણી કરતાં આરોપીનાંઓએ ફરીયાદીને, બેંક ઓફ બરોડા, ભીલાડ શાખાનો ચેક નં. ૦૦૦૦૩૧ નો રૂા. ૭,૦૦,૦૦૦/– નો તારીખ ૨૫/૦૬/૨૦૨૪ નાં રોજનો આપેલ અને તે ચેક ફરીયાદીએ તેમની ખાતા વાળી બેંક માં તારીખ ૨૯/૦૮/૨૦૨૪ નાં રોજ ભરતાં સદરહું ચેક તારીખ ૩૦/૦૮/૨૦૨૪ નાં રોજ '' ફંડ ઈન્સફીશીયન્ટ '' ના શેરા સાથે પરત ફરેલો અને આથી ફરીયાદીએ તેમના વિ.વ.શ્રી. મારફતે તારીખ ૨૭/૦૯/૨૦૨૪ નાં રોજ રજીસ્ટર એડી. થી નોટીસ મોકલાવેલ જે નોટીસ આરોપીને તારીખ ૩૦/૦૯/૨૦૨૪ નાં રોજ બજી ગયેલ છે. પરંતુ આરોપીએ ફરીયાદીને પૈસા આપેલા નહી અને આથી ફરીયાદીને હાલની ફરીયાદ કરવાની જરૂર પડેલ છે. જેથી, હાલની આ ફરીયાદ, આ કામના ફરીયાદીએ, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ આરોપી વિરુધ્ધ દાખલ કરેલ છે.

(૨)... ત્યારબાદ આ કામના ફરીયાદીની ઉપરોકત ફરીયાદ અન્વયે ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૨ મુજબનું સંજ્ઞાન લઈ ફરીયાદીનું વેરીફીકેશન નોંધવામાં આવેલ અને તે બાદ સદર કામના આરોપીની સામે સી.આર.પી.સી ની કલમ–૨૦૪ અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા આરોપીને સમન્સની બજવણી થઈ જતાં, આરોપી અદાલત સમક્ષ હાજર થતાં, સી.આર.પી.સી. ની કલમ–૨૦૭ મુજબ આ કામના આરોપીને ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિના મુલ્યે પુરી પાડયા બાદ, આ કામના આરોપીનું સી.આર.પી.સી. ની કલમ–૨૫૧ મુજબ આરોપી સામેનો ગુનો તેઓને વાંચી સંભળાવી સમજાવી પુછતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા અને કેસ ચલાવવાની માંગણી કરતાં આરોપીનો જવાબ આંક–૧૦ તથા આંક–૧૧ થી નોંધવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ ફરીયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ છે.

ત્યારબાદ હાલના કામે ઉપરોકત ફોર્મેટ મુજબ ફોર્મ–સી (એ) માં દર્શાવેલ સાહેદોને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૪ (૧) અન્વયે ફરીયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલા છે અને તેઓ

તરફે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૦ તથા કલમ–૬૨ મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૬ થી કલોઝિંગ પુરસીસ રજુ કરતાં તેઓનો પુરાવો બંધ થયાનું જાહેર થતા સદર કામે ફરીયાદપક્ષનો પુરાવાનો સ્ટેજ બંધ કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપીનુ વધારાનુ નિવેદન નોંધવા સારૂ સદર કામ રાખવામાં આવેલ છે.

(૪)... ત્યારબાદ ફરીયાદપક્ષનો ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આ કામના આરોપીનું સી.આર.પી.સી ની કલમ–૩૧૩ અન્વયે નીવેદન નોંધવામાં આવેલ પરંતુ આરોપી હાજર રહેલા ન હોય આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ હાલના કામે ઉપરોકત ફોર્મેટ મુજબ ફોર્મ–સી (બી) માં દર્શાવેલ ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૪ (૧) અન્વયે આરોપીપક્ષ તર્ફે પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૫)... ત્યારબાદ આ કામે ઉભયપક્ષકારોની લંબાણપૂર્વકની દલીલો સાંભળવામાં આવેલી છે. ઉપરોકત હકીકતે સદરહુ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–::મુદ્દાઓ::–</u>**

(૧)... શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ પેટે સ્ટેટ બેંક ઓફ બરોડા, ભીલાડ શાખા, નો રૂા. ૭,૦૦,૦૦૦/– નો ચેક નં. ૦૦૦૦૩૧ નો તારીખ ૨૫/૦૬/૨૦૨૪ નો ચેક આપી સદર ચેક ભરશો એટલે સ્વીકારાઈ જશે તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપી સદર ચેક ફરીયાદીએ તેમના ખાતામાં ભરતા '' ફંડ ઈન્સફીસીયન્ટ '' ના શેરા સાથે તારીખ ૩૦/૦૮/૨૦૨૪ નાં રોજ પરત ફરતા તારીખ ૨૭/૦૯/૨૦૨૪ ના રોજ કલમ– ૧૩૮(બી) મુજબની નોટીસ આરોપીને મોકલાવેલ જેની બજવણી તારીખ ૩૦/૦૯/૨૦૨૪ ના રોજ થઈ ગયેલ હોવા છતા આરોપીએ ફરીયાદીની લેણી નીકળતી રકમના નાણાં નહી ચુકવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨). શું હુકમ?

(૬)... ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧)... '' હકારમાં ''.

(૨)... આખરી હુકમ મુજબ.

**-// કા ર ણો //-**

**મુદ્દા નંબર :- ૧ તથા મુદ્દા નંબર- ૨ ની સંયુકત ચર્ચા :**

(૭)... હાલના કામે પુનરાવર્તન ટાવળાના હેતુ થી બંને મુદ્દાની ચર્ચા હવે પછી એક સાથે કરવામાં આવેલ છે. આ કામે ક્રિ.પ્રો. કોડની કલમ-૩૧૪ મુજબ કામ દલીલ સાંભળવા સારૂ રાખવામાં આવેલ છે. તેમજ કેસનું સમગ્ર રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે. તેમજ કાયદાને લગતા ચુકાદાઓ વંચાણે લેવામાં આવેલ છે.

(૮)... આ કામે ફરીયાદીના વિ.વ.શ્રી. એસ.જી. દુબળાનાંઓને સાંભળવામાં આવેલા છે જેઓ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે આરોપીને આ કામના ફરીયાદીએ આરોપીને જમીન ખરીદવાના પૈસા આપેલા જેની ચુકવણી પેટે આરોપીએ આ ચેક આપેલ જે ચેક બેંકમાં ભરતાં પરત ફરેલા છે અને આરોપીએ આ પૈસા ફરીયાદીને ચુકવી આપેલ નથી. વધુમાં તેઓ તેમની દલીલમાં જણાવે છે કે આરોપીને સમન્સ બજતા તેઓ હાજર રહેલા પરંતુ તે બાદ અદાલતની ન્યાયીક કાર્યવાહી માં હાજર રહેલા નહી કે ફરીયાદીને ઉલટતપાસ કરેલ નથી અને આરોપીને તેઓની સામેના હાલના કેસની સંપુર્ણ માહીતી છે. વધુમાં તેઓ તેમની દલીલમાં જણાવે છે કે પૈસાની ચુકવણી પેટે આરોપીએ હાલનો ચેક આપેલો જે ચેક પરત ફરતાં આરોપીને નોટીસ આપેલ જે નોટીસ બજી ગયેલ પરંતુ આરોપીએ ફરીયાદીને પૈસા ચુકવી આપેલા નથી અને આથી આરોપીએ એમ.ઓ. યુ. કરી આપેલ છે અને પૈસા આપવાનું સ્વીકારેલ હોવાનું જણાય આવે છે અને આથી આરોપીએ કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય આરોપીને યોગ્ય તે કાયદા મુજબની સજા કરવા અરજ કરેલ છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે તેઓની

દલીલના સમર્થનમાં કોઈ ચુકાદા રજુ કરવામાં આવેલ નથી.

(૯)... વધુમાં આ સામે આરોપી તરફે કોઈ હાજર રહેલ ન હોય તેઓની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૦)... આમ આ કામના આરોપી સામેના આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ની અને પરંતુકમાં જણાવેલા આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે. આથી કલમ–૧૩૮ ના તત્વો પુરવાર કરવાનો પ્રાથમીક પુરાવાનો બોજો ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ (સંક્ષિપ્તમાં પુરાવા અધિનિયમ ) કલમ–૧૦૧ અન્વયે ફરીયાદી ઉપર રહે છે. કલમ–૧૩૮ અને પરંતુક આ મુજબ વર્ણવી શકાય.

**ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ :–**

ખાતામાં અપુરતા ફંડ વગેરેના કારણે ચેકનો અસ્વીકાર થવા બાબત.

'' સમગ્ર રીતે અથવા અંશત : કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિત ને નાણાંની ચુકવણી કરવા માટે બેંન્કરને લખેલ અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ ચેક પરત કરે, કારણ કે, એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે,

આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યુ છે કે,

(એ) જયાં સુધી ચેક, લખ્યાની તારીખ થી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત એ બેમાથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેન્કમા રજૂ કરવામા આવ્યો ન હોય.

(બી) જયાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક, જેમ હોય તેમ, તે ચેક વણચુકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહીતી મળ્યાના ત્રીસ દિવસોની અંદર તે ચેક લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી એવો ચેક લખનાર, ચેકના નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામા નિષ્ફળ જાય નહી ત્યાં સુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહિ.

સ્પષ્ટીકરણ :- આ કલમના હેતુ માટે '' દેવું અથવા અન્ય જવાબદારી '' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા જવાબદારી એવો થાય છે.

**<u>-:: આવશ્યક તત્વો ::-</u>**

૧. આરોપી પોતાના ખાતામાંથી ફરીયાદીને નાણાંની રકમ ચુકવવા ચેક લખેલ.

૨. આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખ્યો તે તારીખથી છ મહીનાની મુદતની અંદર બેંકમાં રજૂ કરવામાં આવ્યો હતો.

૪. ચેક આરોપીના ખાતામાં જમા કરતાં અપુરતાં ફંડના કારણે પરત થયેલ.

૫. ચેક પરત થયાની બેન્કમાંથી માહિતી મળ્યા બાદ ફરીયાદીએ ૩૦ દિવસમાં નાણાં ની લેખિત માંગણી કરી હતી.

(૧૧)... ઉપરોકત કલમના આધારે અને જોગવાઈઓને નજર સમક્ષ રાખીને આ કામે રજૂ

થયેલ ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેવામા આવે તો, ફરીયાદી પક્ષે રજૂ કરેલ ચેક, ચેક રીર્ટન નો રીટર્ન મેમો, નોટીસ અને આરોપીને નોટીસ બજેલ તેનો પુરાવો ધ્યાને લેતાં આ કામના ફરીયાદીએ ફરીયાદ નિયત સમયમર્યાદામાં કરેલ હોવાનું રેકર્ડ ઉપર જણાય આવે છે. અને જયારે કલમ–૧૩૮ માં જણાવેલ આવશ્યક જોગવાઈઓ સાબિત કરવાનો પ્રાથમીક બોજો ફરીયાદી તરફે પુરવાર કરવામાં આવે ત્યારે ફરીયાદીની તરફેણમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૧૮ તેમજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરવાનું રહે છે. જે ધારક ની તરફેણમાં અનુમાન કરવા બાબતની કલમ છે. જે કલમ ધ્યાને લેતા નીચે મુજબ છે.

**<u>કલમ–૧૧૮ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ વિશે માની લેવાની બાબત :–</u>**

એથી વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણેનું માની લેવામાં આવશે.

**<u>(એ) અવેજ વિષે :–</u>** દરેક વટાવખત અવેજને માટે કરી આપ્યું હતુ, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તદબલી કરવામાં આવ્યું હોય ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ, તેના પર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

**<u>(બી) તારીખ વિષે :–</u>** જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતુ.

**<u>(સી) સ્વીકારના સમય વિષે :–</u>** સ્વીકરાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયા તારીખ પહેલાં વાજબી સમયમા સ્વીકારવામાં આવ્યુ હતુ.

**<u>(ડી) તબદીલના સમય વિષે :–</u>** કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનુ જણાતા શેરા તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી,

**<u>(ઈ) શેરાઓના ક્રમ વિષે :–</u>** કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનુ જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમા કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા,

A K DABHI
29/05/2026

**(એફ) સ્ટેમ્પ વિષે :–** ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો,

**(જી) ધારક યથાક્રમે ધારક છે એમ માની લેવા વિષે :–** કોઈ વટાઉ ખતનો ધારક યથાક્રમધારક છે, પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસે થી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી, કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય, અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

(૧૨)... **કલમ–૧૩૯ : ધારકની તરફેણમા અનુમાન :–**

વિરુધ્ધનું સાબીત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧૩૮ માં ઉલ્લેખ પ્રકારનો ચેક મળ્યો છે.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે. વધુમાં સદર કલમ–૧૩૯ વંચાણે લેતા જયારે ફરીયાદી તેઓની ફરીયાદ અને રજુ કરવામાં આવેલા દસ્તાવેજો થકી કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો પુરવાર કરવામાં આવે એટલે કે ફરીયાદીના શીરે જે પ્રાથમીક રીતે પુરાવોનો બોજો નાંખવામાં આવેલ છે તે પુરાવાનો બોજો સાબિત કરવામાં આવે થી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે. વધુમાં કલમ–૧૩૯ વંચાણે લેતા કલમ–૧૩૮ ના તત્વો પ્રાથમીક રીતે પુરવાર થઈ જાય તે બાદ ફરીયાદીએ તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહેતો નથી અને આથી કલમ–૧૩૯ નું અનુમાન કલમ–૧૩૮ ના આવયક તત્વો પુરવાર થયે શરૂ થઈ જતુ હોય છે અને તે બાદ પુરાવાનો બોજો આરોપીના શીરે આવી જતો હોય છે. વધુમાં સદર અનુમાન તે

પ્રાથમીક રીતે કરવાનું છે અને તે એબ્સોલ્યુટ નથી અને રીબર્ટ કરી શકાય અને તેનો રીબર્ટ કરવાનો બોજો આરોપીના શીરે છે અને ફરીયાદી પક્ષ પોતાનો કેસ લગત કલમ–૧૩૮ ના તત્વો પુરવાર કર્યા પછી આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮, ૧૩૯ ના અનુમાનનું ખંડન કરતો પ્રોબેબલ પુરાવો રજૂ કરવાનો હોય છે. એટલે કે ફરીયાદીપક્ષના પુરાવામાં આરોપી પક્ષને કેસના સંજોગો અનુસાર પ્રોબેબલ ડીફેન્સ રેકર્ડ પર લાવવાનું પુરવાર કરે તો આરોપીને શંકાનો લાભ ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ મળવો જોઈએ. વધુમાં આ કામે ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ કલમ–૧૩૯ નું અનુમાન આરોપી, ફરીયાદીની ઉલટતપાસ કરી તથા ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલા દસ્તાવેજોનો ઉપયોગ કરીને કાયદેસરનું લેણું શંકાના દાયરામાં આવે છે તેવુ રેકર્ડ પર લાવીને કરી શકે છે. અને તેના માટે આરોપીએ પોતે વિટનેશ બોકસમાં આવવાની જરૂરીયાત રહેલી નથી પરંતુ આરોપી તરફે જે વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ પર લાવવામાં આવે તેના થકી ફરીયાદીની તરફેણમાં કરવાનું અનુમાનનું ખંડન થવુ અતિ આવશ્યક છે. તેવી જ રીતે ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનિમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપુર્ણ ક્રોસ હોય કે અર્પૂણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમદર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાતંર કરે છે કે, તેમાંની અપુર્ણ વિગત અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપુર્ણ કરી લઈ વિનિમયપત્ર ઉપયોગમાં લેવાનો છે. આમ, ઉપરોકત નોંધેલ કલમ–૧૧૮,૧૩૯, અને કલમ–૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા હાથ ઉપરના કેસમાં, ફરીયાદી વિનિયમપત્રનો ધારણકર્તા હોવાનું માનવાને સબળ કારણ રહે છે. એ હકીકત ર્નિવિવાદીત છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની હોય છે, અને જો વિરુધ્ધનું પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતું નથી.

(૧૩)... વધુમાં હાલના કામે રેકર્ડ પર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા હાલના કામે મહત્વની બિનતકરારી હકીકત ધ્યાને લેવામાં આવે તો, હાલના કામે આરોપી હાજર રહયા બાદ પોતે કેસની ન્યાયીક કાર્યવાહીમાં હાજર રહેલા નથી અને કોઈ પણ બચાવ રજુ કરવાનો પ્રયત્ન

કરેલ નથી કે ફરીયાદીની ઉલટતપાસ કરવાનો પ્રયત્ન કરેલ છે.

(૧૩.૧)... આમ હાલના કામે ઉપરોકત મુજબની કરવામાં આવેલી કાયદાઓની જોગવાઈઓને ઘ્યાને રાખી આરોપી તરફે રજુ કરવામાં આવેલ તેઓનો બચાવ પણ ઘ્યાને રાખી હાલના કામે રેકર્ડ પર પડેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલના કામે ફરીયાદપક્ષે આંક– ૨૭ થી હાલના ફરીયાદી દોમનીકભાઈ લક્ષીભાઈ રચાતનાંઓએ તેઓની સોગંદ ઉપરની સરતપાસ એફીડેવીટ રજુ કરેલી છે જે તેઓની હાલની રજુ કરવામાં આવેલી ફરીયાદ મુજબની જ સરતપાસ રજુ કરવામાં આવેલી છે એટલે કે તેઓએ તેમની ફરીયાદને સમર્થન કરતી જુબાની આપેલી છે. વધુમાં હાલના કામે આરોપી તરફેના આરોપી પોતે કે તેમના વિ.વ.શ્રી. હાજર રહેલા નથી કે તેઓની ઉલટતપાસ કરવાનો કે બચાવ કરવાનો પ્રયત્ન કરેલ નથી.

(૧૪)... આમ હાલના કામે ઉપરોકત રેકર્ડ પરના આવેલા પુરાવાનું બારીકાઈપુર્વકનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના આરોપી તરફે બચાવ કરવાની કોઈ તૈયારી બતાવેલ નથી કે પ્રયત્ન કરેલ નથી વધુંમાં હાલના કામે ફરીયાદપક્ષ તરફે આરોપીને ધંધાકીય માટે પૈસા આપેલા હોવાનું ફરીયાદી જણાવે છે અને આરોપી નં. ૧ હસમુખભાઈનાંઓએ તે પૈસાની ચુકવણી પેટે હાલનો ચેક આપેલો હોવાનું જણાય આવે છે. અને આથી આરોપીએ સદર તકરારી ચેક તેમની કાયદેસરના દેવા પેટે આપેલ હોવાનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. વધુમાં હાલના કામે સદર ચેક ના ધારણકર્તા ફરીયાદી પોતે છે અને આથી પણ સદર ચેક ફરીયાદીને તેમના કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ હોવાનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. વધુમાં હાલના કામે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદી ચેકના ધારણકર્તા છે અને આરોપીએ સદર ચેક કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. અને આરોપીએ તે ચેક કાયદેસરના લેણા પેટે આપેલ નથી તેવુ રેકર્ડ પર લાવવુ પડે. અને આવુ અનુમાન રીબર્ટ કરવુ પડે. અને આરોપીએ પ્રોબેબલ બચાવ લેવાનો રહે છે અને આવા બચાવ થકી ફરીયાદીની હકીકત

શંકાના ઘેરામાં આવે તે પુરતુ છે. વધુમાં આરોપીએ પોતે બોક્ષમાં આવવાની જરૂર નથી પરંતુ આરોપીએ પોતાનો બચાવ ઠોસ પુરાવા પર થી પુરવાર કરવો પડે. વધુમાં આરોપી તરફે જે બચાવ લેવામાં આવેલ હોય તે બચાવ પુરાવા પર થી તથા ફરીયાદીની ઉલટતપાસ પરથી ફરીયાદીની હકીકત શંકાના ઘેરામાં લાવીને પુરવાર કરવો પડે. પરંતુ આરોપી તરફે તેઓની દલીલમાં કહેવામાં આવેલી હકીકત પુરવાર કરવા કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૪.૧)... વધુમાં હાલના કામે સગવડતા ખાતર નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદો, 2016 0 Supreme(SC) 730; Sampelly Satyanarayana Rao Versus Indian Renewable Energy Development Agency Limited , જે વંચાણે લેતા સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

10. We have given due consideration to the submission advanced on behalf of the appellant as well as the observations of this Court in Indus Airways (supra) with reference to the explanation to Section 138 of the Act and the expression “for discharge of any debt or other liability” occurring in Section 138 of the Act. We are of the view that the question whether a post-dated cheque is for “discharge of debt or liability” depends on the nature of the transaction. **If on the date of the cheque liability or debt exists or the amount has become legally recoverable, the Section is attracted and not otherwise.**

17. As is clear from the above observations of this Court, it is well settled that while dealing with a quashing petition, the Court has ordinarily to proceed on the basis of averments in the complaint. The defence of the accused cannot be considered at this stage. The court considering the prayer for quashing does not adjudicate upon a disputed question of fact.

18. In Rangappa versus Sri Mohan, (2010) 11 SCC 441 this Court held that once issuance of a cheque and signature thereon are admitted, presumption of a legally enforceable debt in favour of the holder of the cheque arises. It is for the accused to rebut the said presumption, though accused need not adduce his own evidence and can rely upon the material submitted by the complainant. However, mere statement of the accused may not be sufficient to rebut the said presumption. A post dated cheque is a well recognized mode of payment [Goaplast (P) Ltd. versus Chico Ursula D' Souza (2003) 3 SCC 232].

19. Thus, the question has to be answered in favour of the respondent and against the appellant. Dishonour of cheque in the present case being for discharge of existing liability is covered by Section 138 of the Act, as rightly held by the High Court.

20. Accordingly, we do not find any merit in this appeal and the same is dismissed. Since we have only gone into the question whether on admitted facts, case for quashing has not been made out, the appellant will be at liberty to contest the matter in trial court in accordance with law.

(૧૪.૨)... વધુમાં હાલના કામે સગવડતા ખાતર નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો, WRIT PETITION (CIVIL) NO.18 OF 2013 Indian Bank Association and others Versus Union of India and others , જે વંચાણે લેતા સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

6. The objectives of the proceedings of Section 138 of the Act are that the cheques should not be used by persons as a tool of dishonesty and when cheque is issued by a person, it must be honoured and if it is not honoured,

the person is given an opportunity to pay the cheque amount by issuance of a notice and if he still does not pay, he must face the criminal trial and consequences.

(૧૪.૩)... વધુમાં હાલના કામે સગવડતા ખાતર નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો, Goa Plast (P) Ltd. v. Chico Ursula DSouza (2004) 2 SCC 235 , જે વંચાણે લેતા સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

While dealing with the objects and ingredients of Sections 138 and 139 of the Act, observed as follows :-

The object and the ingredients under the provisions, in particular, Sections 138 and 139 of the Act cannot be ignored. Proper and smooth functioning of all business transactions,particularly, of cheques as instruments, primarily depends upon the integrity and honesty of the parties. In our country, in a large number of commercial transactions, it was noted that the cheques were issued even merely as a device not only to stall but even to defraud the creditors. The sanctity and credibility of issuance of cheques in commercial transactions was eroded to a large extent. Undoubtedly, dishonour of a cheque by the bank causes incalculable loss, injury and inconvenience to the payee and the entire credibility of the business transactions within and outside the country suffers a serious setback. Parliament, in order to restore the credibility of cheques as a trustworthy substitute for cash payment enacted the aforesaid provisions. The remedy available in a civil court is a long-drawn matter and an unscrupulous drawer normally takes various pleas to defeat the genuine claim of the payee.

(૧૪.૪)... વધુમાં હાલના કામે સગવડતા ખાતર નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો, Electronics Trade & Technology Development Corporation Ltd., Secunderabad v. Indian Technologists & Engineers (Electronics) (P) Ltd. and Another (1996) 2 SCC 739, જે વંચાણે લેતા સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

6...The object of bringing Section 138 on statute appears to be to inculcate faith in the efficacy of banking operations and credibility in transacting business on negotiable instruments. Despite civil remedy, Section 138 intended to prevent dishonesty on the part of the drawer of negotiable instrument to draw a cheque without sufficient funds in his account maintained by him in a book and induce the payee or holder in due course to act upon it. Section 138 draws presumption that one commits the offence if he issues the cheque dishonestly. It is seen that once the cueque has been drawn and issued to the payee and the payee has presented the cheque and thereafter, if any instructions are issued to the bank for non-payment and the cheque is returned to the payee with such an endorsement, it amounts to dishonour of cheque and it comes within the meaning of Section 138.

(૧૪.૫)... વધુમાં હાલના કામે સગવડતા ખાતર નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો, "Rangappa vs Sri Mohan" [(2010), 11, Supreme Court Cases 441] , જે વંચાણે લેતા સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

Held that the bare denial of the passing of the considerationapparently does not appear to be any defence. To disprove the

presumptions, the defendant has tobring on record such facts and circumstances, upon consideration on which the Court may eitherbelieve that the consideration does not exist or its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, shall act upon the plea that it does not exist and itwas held that there is an initial presumption, which favours the complainant in the sense that the presumption mandated by Sec. 139 of NI Act does indeed include the existence of a legally enforceable debt or liability. **Since the accused did admit that the signatures on the cheques was his,the statutory presumption comes into play and same has not been rebutted even with regard to the material submitted by the complainant.**

(૧૪.૬)... વધુમાં હાલના કામે સગવડતા ખાતર નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો**,** "Hiten P. Dalal vs. Bratindra Nath Banerjee" AIR 2001 (SC) 3897 જે વંચાણે લેતા સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

it was held that presumption under NI Act is a presumption of law as distinguished from a presumption under a fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with presumptions of innocence because by the later all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. Obligation on the prosecution may be discharged with the help of presumption of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of non-existence of a presumed fact.

(૧૪.૭)... વધુમાં હાલના કામે સગવડતા ખાતર નામદાર દીલ્હી હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો, "Pradeep Aggarwal & Ors vs Y. K. Goel", Cr. M. C. 66/2009 (Hon'bleHigh Court of Delhi), જે વંચાણે લેતા સદર ચુકાદામાં નામદાર હાઈકોર્ટ દ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

It was held that complaints u/s 138 NI Act is a summary trial and accused should first disclose his defence and merely saying "He is innocent" or "He plead not guilty" will not be sufficient and onus is on the accused to show that no offence could have been deemed to be committed by him for some specific reasons and defences. It was further held that u/s 138 NI Act, there is no presumption that even if an accused fails to bring out his defence, he is still to be considered innocent.

(૧૪.૮)... વધુમાં હાલના કામે સગવડતા ખાતર નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો, "Mosaraf Hossain Khan vs Bhagheeraha Engg. Ltd." AIR 2006 S. C. 128 (2006),જે વંચાણે લેતા સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

it was held that the object of the provision of section 138 NI Act is that for proper and smooth functioning of business transaction in particular, use of cheques as negotiable instruments wouldprimarily depend upon the integrity and honesty of the parties. It was noticed that cheques used to be issued as a device inter alia for defrauding the creditors and stalling the payments. Dishonour ofa cheque by the bank causes incalculable loss, injury and inconvenience to the payee and the entirecredibility of the business transactions within and outside the country suffers a serious setback.

(૧૪.૯)... વધુમાં હાલના કામે સગવડતા ખાતર નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદો, "K.N. Beena Vs. Muniyappan, AIR 2001 SC 2895, જે વંચાણે લેતા સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

It was held that mere denial / averments in reply by the accused are not sufficient to shift the burden of proof onto the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability, which in the present case accused has not done.

(૧૫)... આમ, ઉપરોકત ચુકાદાઓને ધ્યાને રાખી હાલના કેસમાં પડેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી કે બચાવ રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. અને આરોપીએ જ સહી કરીને ચેક આપેલાનું ફરીયાદી જણાવે છે . વધુમાં હાલના કામે અગાઉ ચર્ચા કરેલ છે તે મુજબ તથા નામદાર સુપ્રિમ કોર્ટ ના ચુકાદાઓ વંચાણે લેતા, તથા ધી. ને.ઈ.એકટની કલમ–૧૧૭,૧૩૮, ૧૩૯ માં કરવામાં આવેલી જોગવાઈઓ વંચાણે લેતા સૌ–પ્રથમ કલમ–૧૩૮ ના તત્વો પુરવાર કરવાની પ્રાથમીક જવાબદારી આ કામના ફરીયાદી પર નાંખવામાં આવેલ છે અને જો ફરીયાદી કલમ–૧૩૮ માં જણાવેલ આવશ્યક તત્વો પુરવાર કરતાં હોય તે બાદ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ મુજબ સદર ચેક આરોપીએ ફરીયાદીને તેમના કાયદેસરના લેણા પેટે આપેલો હોવાનું પ્રાથમીક રીતે અનુમાન કરવાનું રહે છે અને આ અનુમાનનું ખંડન આરોપીએ ફરીયાદીએ રજુ કરેલા દસ્તાવેજો પર થી અને ફરીયાદીની આરોપી તરફે કરવામાં આવેલી ઉલટતપાસ પરથી કરવાનું રહે છે. વધુમાં આરોપીએ અનુમાનનું ખંડન કરવા માટે પોતે વિટનેસ બોકસ માં આવીને પુરાવો આપવાનો રહેતો નથી. પરંતુ આવુ ખંડન રેકર્ડ પરના પુરાવા પર થી કરવાનું અનિવાર્ય છે. વધુમાં આરોપીએ પોતે જે બચાવ ઉલટતપાસ માં લીધેલ હોય તે બચાવને આરોપી તેમની જુબાનીમાં પણ વળગી રહે તે સ્વાભાવીક

છે અને આથી આરોપીએ પોતે જયારે પોતાનો પુરાવો રજુ કરવાનું નકકી કરેલ હોય તેવા સમયે આરોપીએ ફરીયાદીનો કેસ અનુમાનના ધોરણોમાં સામેલ ન હોવાનું અને અનુમાનનું ખંડન થતુ હોય તેવો પુરાવો આપવો પણ મહત્વનું બની રહે છે. આમ, હાલના કામે આરોપી તરફે ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ અનુમાનનું ખંડન કરવામાં આવેલ નથી અને આથી ફરીયાદી મારફતે કહેવામાં આવેલી હકીકતનું કોઈ પણ રીતે ખંડન થતુ હોવાનું જણાય આવતુ નથી. અને આથી આ કામે રેકર્ડ વંચાણે લેતા આરોપી પોતે જ સ્પષ્ટ ન હોવાનુ અને તેઓનો બચાવ પણ કોઈ પણ રીતે સ્પષ્ટ ન હોવાનું જણાય આવે છે અને ફરીયાદી તરફે નું અનુમાન ખંડીત થતુ હોય અને રીબર્ટ થતુ હોય તેવુ જણાય આવતુ નથી. અને આથી હાલના કામે તકરારી ચેકના ધારણકર્તા ફરીયાદી હોય અને ફરીયાદીને આ ચેક આપેલ હોવાનું હાલના તબકકે અનુમાન થઈ શકે છે. અને આથી ફકત કહી દેવા માત્ર થી કોઈ બચાવ ઉભો થઈ જતો નથી પરંતુ એવા બચાવને અનુરૂપ પુરાવો પણ હોવો જરૂરી છે અને આવા પુરાવાના આધારે બચાવ સાબિત થઈ શકે.

(૧૬)... વધુમાં ચેક પરત ફરવાના કારણો વંચાણે લેવામાં આવે તો તે કુલ—૯૨ કારણો સર ચેક પરત ફરતો હોય છે. જે નીચે મુજબ જણાવેલ છે.

| | | |
|---|---|---|
| **01** | **Funds insufficient** | |
| **02** | **Exceeds arrangement** | |
| **03** | **Effects not cleared, present again.** | |
| **(04-05)** | | **Reference to Drawer** |
| **04** | **Refer to drawer** | |
| **05** | **Kindly contact Drawer/Drawee Bank and please present again.** | |
| **(10-17)** | | **Signature** |
| **10** | **Drawer's signature incomplete** | |

A K DABHI
29/05/2026

| | | |
|---|---|---|
| **11** | **Drawer's signature illegible** | |
| **12** | **Drawer's signature differs** | |
| **13** | **Drawer's signature required** | |
| **14** | **Drawer's signature not as per mandate** | |
| **15** | **Drawer's signature to operate account not received** | |
| **16** | **Drawer's authority to operate account not received** | |
| **17** | **Alteration requires drawer's authentication** | |
| **(20-29)** | **Stop Payment** | |
| **20** | **Payment stopped by drawer** | |
| **21** | **Payment stopped by attachment order** | |
| **22** | **Payment stopped by court order** | |
| **23** | **Withdrawal stopped owing to death of account holder** | |
| **24** | **Withdrawal stopped owing to lunacy of account holder** | |
| **25** | **Withdrawal stopped owing to insolvency of account holder** | |
| **(30-42)** | **Instrument** | |
| **30** | **Instrument post dated** | |
| **31** | **Instrument out dated/stale** | |
| **32** | **Instrument undated/ without proper date** | |
| **33** | **Instrument mutilated; requires Bank's guarantee** | |
| **34** | **Cheque irregularly drawn/ amount in words and figures differs** | |
| **35** | **Clearing House stamp/ date required** | |
| **36** | **Wrongly delivered/ Not drawn on us** | |

| | |
|---|---|
| **37** | **Present in proper zone** |
| **38** | **Instrument contains extraneous matter** |
| **39** | **Image not clear, present again with paper** |
| **40** | **Present with document** |
| **41** | **Item listed twice** |
| **42** | **Paper not received** |
| **(50-55)** | **Account** |
| **50** | **Account closed** |
| **51** | **Account transferred to another branch** |
| **52** | **No such account** |
| **53** | **Title of account required** |
| **54** | **Title of account wrong/ incomplete** |
| **55** | **Account blocked (situation covered in 21-25)** |
| **(60-68)** | **Crossing/Endorsement** |
| **60** | **Crossed to two banks** |
| **61** | **Crossing stamp not cancelled** |
| **62** | **Clearing stamp not cancelled** |
| **63** | **Instrument specially crossed to another bank** |
| **64** | **Amount in protective crossing incorrect** |
| **65** | **Amount in protective crossing required/illegible** |
| **66** | **Payee's endorsement required** |

| | |
|---|---|
| **67** | **Payee's endorsement irregular / requires collecting bank's confirmation** |
| **68** | **Endorsement by mark/ thumb impression requires attestation by Magistrate with seal** |
| **(70-76)** | **RBI /Government** |
| **70** | **Advice not received** |
| **71** | **Amount / Name differs on advice** |
| **72** | **Drawee bank's fund with sponsor bank insufficient** |
| **73** | **Payee's separate discharge to bank required** |
| **74** | **Not payable till 1st proximo** |
| **75** | **Pay order/ cheque requires counter signature** |
| **76** | **Required information not legible/ correct** |
| **(80-92)** | **Miscellaneous** |
| **80** | **Bank's certificate ambiguous/ incomplete/ required** |
| **81** | **Draft lost by issuing office/ confirmation required from issuing office** |
| **82** | **Bank/Branch blocked** |
| **83** | **Digital Certificate Validation failure** |
| **84** | **Other reasons-connectivity failure** |
| **85** | **Alterations on instrument- Other than "Date" field (Alteration/correction on instruments are prohibited under Cheque Truncation System. Return reason code applicable to instruments presented in CTS)** |
| **86** | **Fake/Forged/Stolen-draft/cheque/cash order/interest warrant/dividend warrant** |
| **87** | **‘Payee's a/c credited'- Stamp required** |

**88 Other reasons (Please specify)**

**92 Bank Excluded**

(૧૬.૧)... આમ, ઉપરોકત જણાવેલ ૯૨ કારણો મુજબ ચેક પરત ફરે તો તે ચેક પરત થયેલો હોવાનું અને તે ચેકમાં જણાવેલ નાણાં મંજુર થયેલા ન હોવાનું કહી શકાય છે. વધુમાં સદર ચેક ફરીયાદી એ તેઓની બેંકમાં ભરતા સદર ચેક પરત ફરેલ છે. એટલે કે ચેકમાં જણાવેલ નાણાં ફરીયાદીને મળેલા નથી. આ ઉપરાંત જયારે કોઈપણ ચેક તેની મુદતની અંદર સ્વીકારવા બાબતે બેંકમાં ભરવામાં આવે તે વખતે જો ચેક કોઈપણ કારણસર પાછો ફરે તે વખતે બેંક તરફે તેનો રીટર્ન મેમો આપવામાં આવતો હોય છે અને રીટર્ન મેમો આપવાનું બેંકનું એક ચલણ છે. વધુમાં આ રીટર્ન મેમો એવી હકીકતનો સંકેત કરે છે કે આ ચેક રીટર્ન મેમામાં જણાવેલ કારણના કારણે પરત ફરેલ છે અને તે જે હેતુના કારણે લખવામાં આવેલ તે હેતુ સ્વીકારાયેલ નથી. આ ચેક જે વ્યકિતની તરફેણમાં લખાયેલ હોય તે વ્યકિત આ ચેક માં લખવામાં આવેલ રકમ મેળવવા માટે હકકદાર બને છે પરંતુ તે ચેકના નાણાં તે ખાતામાં હોવા આવશ્યક છે. પરંતુ ચેક પરત ફરતાં આ કામના ફરીયાદીએ આરોપીને ચેકની રકમની માંગણાની નોટીસ આપેલ છે. પરંતુ સદર ચેકના નાણાં જે ૧૫ દીવસમાં ફરીયાદીને ચુકવવા પડે તે ચુકવેલા નથી. વધુમાં ચેક પરત ફરેલ છે તેનુ કારણ રીટર્ન મેમામાં બતાવવામાં આવે છે અને ચેક પરત ફરે તેથી ચેક લખનાર કલમ–૧૩૮ ની કાયદાકીય જોગવાઈઓ માટે જવાબદાર બને છે. અને આથી ચેક લખનાર જવાબદાર ઠેરવી શકાય છે.

(૧૭)... **વધુમાં હાલના કામે સદર કાયદાની કાયદાની કલમ–૧૩૮ ના તત્વો કે,**

૧. કાયદેસરનું લેણું હોવું જોઈએ.

૨. આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ હોવો જોઈએ.

૩. ચેક આરોપીના ખાતામાં જમા કરતાં અપુરતાં ફંડના કારણે પરત થયેલ હોવો જોઈએ. જયારે કલમ ૧૩૯ નું પ્રિઝમ્સન એ આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ હોવો જોઈએ તે માટે જ કરવામાં આવે છે. આમ હાલના કામના ફરીયાદીએ કલમ–૧૩૮ ના તત્વો પ્રથમદર્શનીય રીતે પુરવાર કરવા જ પડે અને તે પુરવાર કરવાનો બોજો ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ ફરીયાદી પર જ રહે છે. અને જો ફરીયાદી કલમ–૧૩૮ ના તત્વો પુરવાર ન કરી શકે તો તેનો લાભ આરોપીને મળે છે.

(૧૮)... આમ, ઉપરોકત નિર્માણ કરવામાં આવેલા આ મુદ્દાઓની સમગ્ર ચર્ચા લક્ષમાં લેતાં આરોપીએ તેના બચાવ લીધેલ નથી. એ હકીકત ખરી છે કે આરોપીએ પોતાના બચાવ સંબધે કરેલ રજુઆત કે પ્લી , ફરીયાદ પક્ષે પુરવાર કરવાનાં ધોરણની જેમ શંકા રહીત રીતે પુરવાર કરવાના હોતાં નથી. પરંતુ, સાથોસાથ એવી રજુઆત રેકર્ડ ઉપર આવેલ સંજોગોથી સંભવીત અને માની શકાય તેવી હોવી જોઈએ. હાલના કેસમાં અગાઉ નોંધ્યું તેમ આરોપીની રજુઆત જયારે ગ્રાહય રાખી શકાય તેમ ન હોય ફરીયાદપક્ષની તરફેણમાં એન.આઈ.એકટની કલમ–૨૦,૧૧૮,૧૩૯ ની જોગવાઈઓ મુજબ ફરીયાદવાળા ચેક સંબધે કાનુની ધારણા અને અનુમાનોનું આરોપી પક્ષને ખંડન કરવામાં આવેલ નથી. તથા સદર ચેક પરત ફરેલ હોય અને ચેકનો અસ્વીકાર થયેલ હોય, એન.આઈ.એકટની કલમ–૧૩૮ નો ગુનો સંપુર્ણ થયેલ છે તેવું ન માનવાને કોઈ અવકાશ રહેતો નથી.

(૧૯)... આમ, એન.આઈ.એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓ મુજબ તે કલમ નીચે આપેલ શરતો મુજબ ફરીયાદવાળા ચેકો લખ્યાની તારીખ થી છ માસ અથવા તો કાયદામાં માન્ય હોય તે મુદત એ બેમાંથી જે વહેલું હોય તે મુદતમાં સવાલવાળો ચેક બેંકમાં રજુ કરી દેવામાં આવેલ છે, તેવું સ્પષ્ટપણે રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ઘ્યાને પડે છે. વળી, સદર કલમની જોગવાઈ મુજબ સવાલવાળા ચેકો બેંક તરફથી વણચુકવાયેલ પરત આવ્યાની બેંક તરફથી માહીતી મળ્યાના ૩૦ દીવસની અંદર તે ચેક લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની

માંગણી કરવાની હોય છે. હાલના કેસમાં ફરીયાદીને આપેલ, ફરીયાદવાળો ચેક ભરતાં સદર ચેક તારીખ ૩૦/૦૮/૨૦૨૪ નાં રોજ પરત આવેલ છે અને તે બાદ તારીખ ૨૭/૦૯/૨૦૨૪ ના રોજ ચેક લખનાર આરોપીને નોટીસ આપેલ છે, જે નોટીસ આ કામના આરોપીને તારીખ ૩૦/૦૯/૨૦૨૪ નાં રોજ મળી ગયેલ છે. અને તે જોતાં ફરીયાદીએ ચેક પરત ફર્યાના નિયત સમય મયાર્દામાં લેખિત નોટીશ આપેલ હોવાનું ફલીત થાય છે. તે જોતાં નોટીશ બજી ગયા બાદ કાયદા મુજબ નિર્ધારીત કરવામાં આવેલ સમય પછી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદી હાલની ફરીયાદ એન.આઈ.એકટની કલમ–૧૩૮ માં ઠરાવેલી જોગવાઈઓ મુજબ સમયમર્યાદામાં દાખલ કરેલ છે. વધુમાં ફરીયાદીએ નોટીસ આપતા આરોપીએ ફરીયાદીને દીન –૧૫ માં ચુકવણું કરેલ ન હોવાનું જણાય આવે છે.

(૨૦)... આ ઉપરાંત, અત્રેની અદાલતની સગવડતા ખાતર નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદો, ટેઢીસિંહ વિ. નારાયણદાસ મહંત, સ્પે. લીવ પીટીશન ( ક્રિમીનલ ) નં. ૧૯૬૩/ ૨૦૧૯ નો ચુકાદો વંચાણે લેવો જરૂરી જણાય આવતો હોય તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

7. It is true that this is a case under Section 138 of the Negotiable Instruments Act. Section 139 of the N.I. Act provides that Court shall presume that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability. This presumption, however, is expressly made subject to the position being proved to the contrary. In other words, it is open to the accused to establish that there is no consideration received. It is in the context of this provision that the theory of ‘probable defence’ has grown. In an earlier judgment, in fact, which has also been adverted to in Basalingappa (supra), this Court notes that Section 139 of the N.I. Act is an example of reverse onus [see (2010) 11 SCC 441). It is also true that this

Court has found that the accused is not expected to discharge an unduly high standard of proof. It is accordingly that the principle has developed that all which the accused needs to establish is a probable defence. As to whether a probable defence has been established is a matter to be decided on the facts of each case on the conspectus of evidence and circumstances that exist.

9. The Trial Court and the First Appellate Court have noted that in the case under Section 138 of the N. I. Act the **complainant need not show in the first instance that he had the capacity.** The proceedings under Section 138 of the N. I. Act is not a civil suit. At the time,when the complainant gives his evidence, unless a case is set up in the reply notice to the statutory notice sent, that the complainant did not have the wherewithal, it cannot be expected of the complainant to initially lead evidence to show that he had the financial capacity. To that extent the Courts in our view were right in holding on those lines. However, the accused has the right to demonstrate that the complainant in a particular case did not have the capacity and therefore, the case of the accused is acceptable which he can do by producing independent materials, namely, by examining his witnesses and producing documents. It is also open to him to establish the very same aspect by pointing to the materials produced by the complainant himself. He can further, more importantly, achieve this result through the cross examination of the witnesses. Ultimately, it becomes the of duty the of complainant.  the Courts to consider carefully and appreciate the totality of the evidence and then come to a conclusion whether in the given case, the accused has shown that the case of the complainant is in peril for the

reason that the accused has established a probable defence.

આમ, ઉપરોકત નામદાર સુપ્રિમકોર્ટ નો ચુકાદો વંચાણે લેતા, ચેક કાયદેસરના લેણા માટે જ આપવામાં આવેલ હોવાનુ અનુમાન હંમેશા ફરીયાદની તરફેણ માં કરવાનું રહે છે અને તે અનુમાનનું ખંડન કલમ–૧૩૯ મુજબ આરોપીએ તેઓના પુરાવા થકી કરવાનું રહે છે. વધુમાં ફરીયાદીની કેપેસીટીની પણ પ્રાથમીક અનુમાન કરવાનું રહે છે. અને ફરીયાદીની પૈસા આપવાની કેપેસીટી ન હતી તેવુ આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ અને દસ્તાવેજી પુરાવા થકી પુરવાર કરવાનું રહે છે. વધુમાં હાલના કામે ફરીયાદીને ચેક આપેલાનું અનુમાનનું ખંડન આરોપી તરફે કરી શકેલા ન હોય હાલના કામે સદર ચેક ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે આપેલ હોવાનું અનુમાન જ કાયદાકીય રીતે કરવાનું રહે છે અને હાલના કામે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો, ટેઢીસિંહ પર આધાર રાખવામાં આવેલ છે.

(એ)... વધુમાં આ કામે સગવડતા ખાતર નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો, શંકરલાલ એમ. પરમાર વિ. દીનેશ બાબુલાલ બોરીચાવાલા, ક્રિમીનલ રીવીઝન એપ્લીકેશન નં. ૬૫૪/૨૦૦૬., વંચાણે લેવામાં આવે તો, સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા એવુ નોંધવામાં આવેલ છે કે, કાયદો એવુ કયારેય કહેતો નથી કે ફરીયાદીએ આપેલ પૈસા બાબતે તેઓએ તેમનો આવકનો સ્ત્રોત બતાવવો પડે. તથા નામદાર સુપ્રિમકોર્ટ નો ચુકાદો, ટેઢીસિંહ ( સુપ્રા ) માં પણ ફરીયાદીની આવક પુરતા પ્રમાણમાં હતી તેનુ પ્રાથમીક અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનુ રહે છે અને જયાં સુધી તેનો વિરૂધ્ધનો પુરાવો આરોપી તરફે રેકર્ડ પર લાવવામાં ન આવે ત્યાં સુધી કલમ–૧૩૯ ના અનુમાનનુ ખંડન થયેલ હોવાનુ માની શકાય નહી.

(૨૦.૧)... વધુમાં આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો, હીતેશભાઈ પારેખ વિ. ગુજરાત રાજય, ક્રિમીનલ અપીલ નં. ૧૧૮૯/૨૦૦૯., ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા એવુ નોંધવામાં આવેલ છે કે, જયારે ચેક અધુરી વિગતો ભરીને આપવામાં આવેલ હોય પરંતુ ચેકમાં રકમ અને સહી કરીને આપવામાં આવેલ હોય

તો ને.ઈ.એકટની કલમ–૨૦ મુજબ ફરીયાદીને સદર ચેકમાં વિગતો ભરવાનો અધિકાર આપવામાં આવતો હોવાનુ અનુમાન કરવાનુ રહેતુ હોય છે. આમ, સદર ચુકાદો ધ્યાને લેતા ફરીયાદીએ તેઓની ઉલટતપાસમાં હાલનો ચેક તેઓએ ભરેલ હોવાનું જણાય આવે છે પરંતુ આ ચેકમાં સહી કરીને આરોપીએ ચેક આપેલો હોવાનું પણ જણાવે છે અને તેનો વિરુધ્ધનો કોઈ પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી અને આથી સદર ચેક આરોપી ધ્વારા આપવામાં આવેલ હોવાનુ માની શકાય તેમ છે.

(૨૦.૨)... વધુમાં હાલના કામે નેગોશીએબલ એકટની કલમ–૮૭ વંચાણે લેવી જરૂરી હોય તે નીચે મુજબ જણાવેલ છે.

87. Effect of material alteration.—

Any material alteration of a negotiable instrument renders the same void as against any one who is a party thereto at the time of making such alteration and does not consent thereto, unless it was made in order to carry out the common intention of the original parties;

Alteration by indorsee.— And any such alteration, if made by an indorsee, discharges his indorser from all liability to him in respect of the consideration thereof. The provisions of this section are subject to those of sections 20, 49, 86 and 125.

(૨૧)... આમ, રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો તથા સદર કાયદાની કલમ–૧૩૮ તથા કલમ–૧૩૯, ૧૪૨,૨૦,૮૭,૧૧૮ ની જોગવાઈઓ તથા તેની પુર્તતા ફરીયાદ પક્ષ તરફથી કરવામાં આવેલ છે તે જોતાં અને રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું આરોપી તરફથી કોઈ ખંડન કરવામાં આવેલ નથી. આમ, રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાની ચર્ચા જોતાં આરોપીએ ચેક માં સહી બાબતની કોઈ તકરાર કરેલ ન હોય અને આરોપી તરફે ફરીયાદીના કાયદેસરના લેણાની હકીકતનું કોઈપણ પ્રકારે પુરાવા થકી ખંડન કરેલ ન હોય તથા વધુમાં કેસનુ રેકર્ડ વંચાણે લેતા આરોપીએ તે અંગે કોઈ જ આધારભુત પુરાવો, સંભવીત અને માની શકાય તેવો

પુરાવો રજુ કરી, ફરીયાદીને મળતાં કાનુની અનુમાનો અને ધારણાનું ખંડન કરેલ નથી. તે હકીકતો રેકર્ડ ઉપર આવેલ ફરીયાદપક્ષનાં પુરાવાને ઘ્યાને લેતાં, ફરીયાદપક્ષ આરોપી સામેનો અપરાધ પુરવાર કરવામાં સફળ થતો હોય અને હાલના કામે ચેકમાં સહી આરોપી નં. ૧ હસમુખભાઈનાંઓની હોય તેઓની સામેનો મુદ્દા નંબર–૧ નો નિર્ણય તે મુજબ આથી " **હકાર** " માં ઠરાવવામાં આવે છે. અને મુદ્દા નંબર–૨ નો નિર્ણય તે મુજબનાં આખરી હુકમમાં કરવામાં આવે છે. આરોપી નં. ૨ નાંઓએ ચેક ઈસ્યુ કરેલ ન હોય અને ચેકમાં સહી કરેલ ન હોય તેઓને તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી.

(૨૨)... **<u>મુદ્દા નંબર– ૨ :–</u>**

આ કામના આરોપી (૧) હસમુખભાઈ ચંદુભાઈ પટેલ રહેવાસી :– પટેલ ફળીયા, બ્રાહમણ ફળીયું, તલવાડા,તા. ઉમરગામ,જી. વલસાડ નાંઓને, ધી. નેગોશીઅબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હા સબબ સી.આર.પી.સી. ની કલમ–૨૫૫ (૨) ( ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૨૭૮(૨) ) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે. અને આરોપીને સજા અંગે સાંભળવા માટે સદર કામ મુલત્વી રાખવામાં આવે છે.

તારીખ : ૨૯/૦૫/૨૦૨૬.
ઉમરગામ.

(અમિતકુમાર કેશવલાલ ડાભી)
એડી. સીનીયર સીવીલ જજ
અને એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
ઉમરગામ, જી. વલસાડ.
કોડ નં. જીજે૦૧૨૮૦.

A K DABHI
29/05/2026

(૨૩)... આ કામે આરોપીને તેઓની સામે પુરવાર થયેલા ગુના બાબતે સાંભળવા તેવું સી.આર.પી.સી. ની કલમ–૨૫૫(૨) ( ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૨૭૮(૨) ) માં જોગવાઈ કરવામાં આવેલ નથી પરંતુ આરોપીને તેઓને ફરમાવવામાં આવતી સજા બાબતે સાંભળવા જોઈએ તેવો કુદરતી ન્યાયનો સિધ્ધાંત હોવાથી સબબ કામ આરોપીને સજા બાબતે સાંભળવા માટે રાખવામાં આવેલ છે.

(૨૫)... આ બાબતે સજા માટે ફરીયાદી તરફે વિ.વ.શ્રી.એસ.જી. દુબળા નાંઓને સાંભળવામાં આવેલા છે જેઓ તેમની દલીલમાં જણાવે છે કે અમો ફરીયાદ સાબીત કરવામાં સફળ થયેલા છીએ અને આરોપીએ ફરીયાદીને તેઓના કાયદેસરના લેણા નીકળતા પૈસા પરત આપેલા નથી. અને હાલનો ગુનો ગંભીર પ્રકારનો કરેલ છે અને આથી અમોને ચેકની ડબલ રકમનું વળતર અપાવવા અરજ છે. આ કામના આરોપીને સમાજમાં દાખલો બેસાડવા કાયદામાં ઠરાવેલી સજા કરવા અરજ કરેલી છે.

જેમાં આરોપી તરફે કોઈ હાજર રહેલ ન હોય તેઓને સાંભળવામાં આવેલા નથી.

(૨૬)... આ કામે સજા બાબતે ફરીયાદીને સાંભળવામાં આવેલ છે. આ કામે લોકોનો નાણાંકીય વ્યવહારોમાં વિશ્વાસ ટકી રહે તે જોવાની ફરજ અદાલતની રહેલી છે. વધુમાં હાલના કામે Sumer Singh vs. Surajbhan Singh & Ors., (2014) 7 SCC 323 નો ચુકાદો માનસહ વંચાણે લેવામાં આવેલ છે જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

-:: Para-36 ::-

" It is the duty of the court to impose adequate sentence, for one of the purposes of imposition of requisite sentence is protection of the society and a legitimate response to the collective conscience. The paramount principle that should be the guiding laser beam is that the punishment should be proportionate. It is the answer of law to the social conscience. In

a way, it is an obligation to the society which has reposed faith in the court of law to curtail the evil. While imposing the sentence it is the Court's accountability to remind itself about its role and the reverence for rule of law. It must evince the rationalized judicial discretion and not an individual perception or a moral propensity. But, if in the ultimate eventuate the proper sentence is not awarded, the fundamental grammar of sentencing is guillotined. Law cannot tolerate it; society does not withstand it; and sanctity of conscience abhors it. The old saying "the law can hunt one's past" cannot be allowed to be buried in an indecent manner and the rainbow of mercy, for no fathomable reason, should be allowed to rule. True it is, it has its own room, but, in all circumstances, it cannot be allowed to occupy the whole accommodation. The victim, in this case, still cries for justice. We do not think that increase in fine amount or grant of compensation under the Code would be a justified answer in law. Money cannot be the basis. It cannot assume the centre stage for all redemption. Interference in manifestly inadequate and unduly lenient sentence is the justifiable warrant, for the Court cannot close its eyes to the agony and anguish of the victim and, eventually, to the cry of the society. ….”

(૨૬.૧)... વધુમાં હાલના કામે **CRIMINAL APPEAL NO. 603-604 OF 2013 (Arising out of S.L.P. (Crl.) Nos. 2014-2015 of 2009) Hazara Singh Versus Raj Kumar & Ors.** નો ચુકાદો માનસહ વંચાણે લેવામાં આવેલ છે જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

"(8) The factual matrix of this case is similar to the facts and circumstances of the case in Shailesh Jasvantbhai and Another vs. State of Gujarat and others, (2006) 2 SCC 359, wherein the accused was convicted under

Section 307/114 IPC and for the same the trial Court sentenced the accused for 10 years. However, the High Court, in its appellate jurisdiction, reduced the sentence to the period already undergone. In this case, this Court held that the sentence imposed is not proportionate to the offence committed, hence not sustainable in the eyes of law. This Court, observed thus:

“7. The law regulates social interests, arbitrates conflicting claims and demands. Security of persons and property of the people is an essential function of the State. It could be achieved through instrumentality of criminal law. Undoubtedly, there is a cross-cultural conflict where living law must find answer to the new challenges and the courts are required to mould the sentencing system to meet the challenges. The contagion of lawlessness would undermine social order and lay it in ruins. Protection of society and stamping out criminal proclivity must be the object of law, which must be achieved by imposing appropriate sentence. Therefore, law as a cornerstone of the edifice of “order” should meet the challenges confronting the society. Friedman in his Law in Changing Society stated that: “State of criminal law continues to be - as it should be -a decisive reflection of social consciousness of society.” Therefore, in operating the sentencing system, law should adopt the corrective machinery or deterrence based on factual matrix. By deft modulation, sentencing process be stern where it should be, and tempered with mercy where it warrants to be. The facts and given circumstances in each case, the nature of the crime, the manner in which it was planned and committed, the motive for commission of the crime, the conduct of the accused, the nature of weapons used and all other attending circumstances are relevant facts

which would enter into the area of consideration.

8. Therefore, undue sympathy to impose inadequate sentence would do more harm to the justice system to undermine the public confidence in the efficacy of law and society could not long endure under such serious threats. It is, therefore, the duty of every court to award proper sentence having regard to the nature of the offence and the manner in which it was executed or committed etc.”

9) This position was reiterated by a three-Judge Bench of this Court in Ahmed Hussein Vali Mohammed Saiyed and Anr. vs. State of Gujarat, (2009) 7 SCC 254, wherein it was observed as follows:-

“99.....The object of awarding appropriate sentence should be to protect the society and to deter the criminal from achieving the avowed object to law by imposing appropriate sentence. It is expected that the courts would operate the sentencing system so as to impose such sentence, which reflects the conscience of the society and the sentencing process has to be stern where it should be. Any liberal attitude by imposing meager sentences or taking too sympathetic view merely on account of lapse of time in respect of such offences will be result-wise counter productive in the long run and against the interest of society which needs to be cared for and strengthened by string of deterrence inbuilt in the sentencing system.

100. Justice demands that courts should impose punishment befitting the crime so that the courts reflect public abhorrence of the crime.”

16. It is the duty of every court to award proper sentence having regard to the nature of the offence and the manner in which it was executed or

committed. The sentencing courts are expected to consider all relevant facts and circumstances bearing on the question of sentence and proceed to impose a sentence commensurate with the gravity of the offence.”

11) In Guru Basavaraj @ Benne Settapa vs. State of Karnataka, (2012) 8 SCC 734, while discussing the concept of appropriate sentence, this Court expressed that:

“It is the duty of the court to see that appropriate sentence is imposed regard being had to the commission of the crime and its impact on the social order. The cry of the collective for justice, which includes adequate punishment cannot be lightly ignored.”

(૨૭)... આમ હાલના કામે આરોપીને સદર હકીકત લક્ષમાં રાખી હાલના કામે ગુનાનો પ્રકાર જોવામાં આવે તો તે ગંભીર પ્રકારનો ગુનો છે અને આ કામના આરોપીએ ફરીયાદીની પાસેથી ધંધા માટે પૈસા લીધેલા હોવાનું અને તેની ચુકવણી પેટે હાલના તકરારી ચેક આપેલ જે ચેક પરત ફરેલો હોવાનું જણાય આવે છે અને તે ચેકના નાણાં ફરીયાદીને મળેલા નથી અને ફરીયાદીને તેઓના કાયદેસરના લેણાના નાણાં વસુલ પરત આપેલ નથી. વધુમાં હાલના સમયમાં નાણાંકીય લેવડ દેવડ બાબતે છેતરપીંડીના કીસ્સા અવીરતપણે વધતા રહેલા છે અને આથી લોકો અને સમાજમાં નાણાંકીય વ્યવહારોને લઈને અસમંજસ જોવા મળી રહેલ છે. વધુમાં લોકોમાં નાણાંકીય વ્યવહારોનુ મહત્વ ટકી રહે તે જોવાની અદાલતની ફરજ રહેલી છે. અને આ માટે આવા ગુનેગારોને છોડી દેવા એ કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધ હોવા સમાન છે. વધુમાં હાલના કામે આરોપીને સદરહું કેસના સમન્સની બજવણી થતા તેઓ હાજર રહેલા અને વકીલ શ્રી રોકવાની અરજી આપેલ અને સદર કામ આરોપીની પ્લી લેવામાં આવેલ છે અને તેઓને કેસમાં ગુનો કબુલ ન હોવાનું જણાવેલ અને તેમ છતાં આરોપી હાલના કામે તેમની સામેના કેસની ન્યાયીક કાર્યવાહીમાં કેસની હકીકત જાણતા હોવા છતાં હાજર રહેલા

નથી. આમ તમામ સંજોગોને લક્ષમાં રાખી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હાલના કામની ઈન્સાફી કાર્યવાહીનો ન્યાયીક અંત આણતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧)... આ કામના આરોપી (૧) હસમુખભાઈ ચંદુભાઈ પટેલ રહેવાસી :– પટેલ ફળીયા, બ્રાહમણ ફળીયું, તલવાડા,તા. ઉમરગામ,જી. વલસાડનાંઓને, ધી.નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હા સબબ સી.આર.પી.સી. ની કલમ–૨૫૫ (૨), (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨)) અન્વયે તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨)... વધુમાં આદેશ કરવામાં આવે છે કે આરોપીએ ફરીયાદીને સી.આર.પી.સી. ની કલમ–૩૫૭(૩) (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૫ (૩) ) અન્વયે ચેકની કુલ રકમ રૂા. ૭,૦૦,૦૦૦/– ( અંકે રૂપિયા સાત લાખ રૂપિયા પુરા) વળતર પેટે દીન–૬૦ માં ચુકવી આપવા.

(૩)... હાલના આરોપીએ કાચા કામના કેદી તરીકે જે સમય જેલમાં વીતાવેલ હોય તે સમય સી.આર.પી.સી. ની કલમ–૪૨૮ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૬૮) અન્વયે મજરે (સેટ–ઓફ) આપવો.

(૪)... આરોપીને સજા કરેલ હોય સી.આર.પી.સી. ની કલમ–૩૬૩(૧) (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૪(૧) ) અન્વયે સદર ચુકાદાની એક નકલ વિના મુલ્યે પુરી પાડવી.

(૫)... વધુમાં આરોપીની સામે કલમ–૪૧૮ અન્વયે સી.આર.પી.સી. ની કલમ–૭૦ મુજબનું વોરંટ ઈસ્યુ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે અને આ વોરંટ ભીલાડ પી.આઈ. નાંઓને બજવણી અર્થે યાદી સાથે મોકલવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૯ માહે મે, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૯/૦૫/૨૦૨૬.
ઉમરગામ.

(અમિતકુમાર કેશવલાલ ડાભી)
એડી. સીનીયર સીવીલ જજ
અને એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
ઉમરગામ, જી. વલસાડ.
કોડ નં. જીજે૦૧૨૮૦.

A K DABHI
29/05/2026